અનુસૂચિત જાતિની કન્યાઓ કે જેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ છે તેઓને ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ મળતો ના હોઇ, સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને આદિજાતિ વિકાસ વિભાગની કન્યાઓની યોજનાના ધોરણે આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય ટ્યુશન ફી ચુકવવા માટેની નવી સેવાની વર્ષ ૨૦૧૮-૧૯ અંગે વહીવટી મંજૂરી આપવા બાબત..

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અજાક/૧૦૨૦૧૭/૭૧૪૨૩૪/ન.બા.૨૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૫/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૬/૧૨/૨૦૧૭ નો પત્ર ક્રમાંકઃ અજાક/ગ-૧/૧/૨૦૧૬-૧૭/૯૬૧૨-૧૩

(૨) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૬/૨૦૧૬ નો ઠરાવક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ

ઠ રા વ -

ઉપર આમુખમાં દર્શાવેલ ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૭/૨/૨૦૧૮ ના પત્રથી અનુસૂચિત જાતિની કન્યાઓ કે જેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ છે તેઓને ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ મળતો ના હોઇ, સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને ટ્યુશન ફી ચુકવવા માટેની નવી સેવાની રૂ.૨૫૦૦/- લાખ (અંકે રૂપિયા બે હજાર પાંચસો લાખ) ની જોગવાઇનો વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં માં.ક.:૯૫, મુ.સ. ૨૨૨૫-૦૧-૨૭૭-૦૪ બજેટ સદર હેઠળ સમાવેશ કરવાની વિભાગે રજુ કરેલ દરખાસ્તને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી માટે પ્રસ્તુત દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

(૧) આવકનું ધોરણ મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના મુજબ રૂ.૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ પૂરા) સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો સહાય મેળવવા માટે લાયક ગણાશે. વાર્ષિક આવકનું પ્રમાણપત્ર મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવવાનું રહેશે.

10/04/18

૧૦ APR 2018
આવક નંબર ૨૦૫૦

(૨) ધોરણ-૧૦ અથવા ૧૨ પછીના ડીપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૦ અથવા ૧૨ ની પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ઓવરઓલ પર્સેન્ટાઇલ ધરાવનારને આ યોજનાનો લાભ આપવાનો રહેશે. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨ માં ૫૦% કે તેથી વધુ પર્સેન્ટાઇલ ધરાવનારને લાભ આપવાનો રહેશે.

(૩) ઉચ્ચ અભ્યાસ માટે ડીગ્રી/ડીપ્લોમામાં ૫૦% કે તેથી વધુ માર્ક્સનું ધોરણ રાખવાનું રહેશે.

(૪) ફી નિર્ધારણ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ ફી નો માપદંડ આપવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનં ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

પ્રસ્તુત ખર્ચ

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૯૫- આયોજન |
| મુખ્ય સદર | : | ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ |
| ગૌણ સદર | : | ૨૭૭ શિક્ષણ |
| પેટા સદર | : | 4 SCW-6 પોસ્ટ મેટ્રિક શિક્ષણ માટે પ્રોત્સાહનો (તાલીમ ફી, એવોર્ડ, |

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે.

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- સર્વે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ (નિયામકશ્રી, અજાક મારફત)

સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (નિયામકશ્રી,અજાક મારફત)

સર્વે જિલ્લા નિવાસી અધિકારીશ્રી (નિયામકશ્રી, અજાક મારફત)

સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર ને વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ

સિલેક્ટ ફાઇલ